# જુલાઈ

૧ જુલાઈ ૧૯૨૫ - ગાંધીજી અને સરદાર પટેલની વિરાટ પ્રતિમાઓને કંડારનાર મહાન શિલ્પકાર કાન્તીભાઈ પટેલનો જન્મ બોનીયામાં થયો હતો.તેમનું મૂળ વતન ખેડા જિલ્લાનું સોજીત્રા ગામ હતું.

૧ જુલાઈ ૧૮૯૯ - ગુજરાતની રાજકીય તેમ જ સામાજિક પ્રશ્નોમાં સક્રિય ભૂમિકા ભજવનાર ડૉ. સુમ્માંતભાઈ બ્તુંક્રમ મહેતાનો જન્મ સુરતમાં થયો હતો. (અવસાન- ૧૫/૧૨/૧૯૬૮)

૩ જુલાઈ ૧૮૯૭ - મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રથમ મહિલા ચાન્સેલર અને લેખિકા હંસાબહેન જીવરાજ મહેતાનો જન્મ સુરતમાં થયો હતો. ઈ.સ.૧૯૪૭માં તેમની ' યુનો' ખાતેના ભારતીય પ્રતિનિધિ તરીકે નિમણૂક થઇ હતી.તેઓ ' ગુજરાત વાનરસેના'ના પ્રમુખ હતા. (અવસાન-૪/૪/૧૯૯૫)

૪ જુલાઈ ૧૮૯૯ - ગુજરાતી વિવેચક વિષ્ણુભાઈ રણછોડલાલ ત્રિવેદીનો જન્મ ઉમરેઠમાં થયો હતો. તેમની પ્રથમ વિવેચનગ્રંથ ' વિવેચના' છે. તે ઉપરાંત ' પરિશીલન' અને ' ઉપાયન' પણ તેમની વિવેચન કૃતિઓ છે. 'વિવેચના' અને 'સાહિત્યવિમર્શ' તેમના મહત્વના પુસ્તકો પ્રગટ કર્યાં હતા. (અવસાન- ૧૦/૧૧/૧૯૯૧)

૪ જુલાઈ ૧૯૩૪ - ભારતના અગ્રણી રાજદૂત ચિન્મય રજનીનાથ ઘારેખાનનો જન્મ ડભોઈમાં થયો હતો. ઈ.સ. ૧૯૫૮માં તેઓ ભારતીય વિદેશસેવામાં જોડાયા હતા. ઈ.સ. ૧૯૮૬ થી ૧૯૯૨ દરમ્યાન સંયુક્ત રાષ્ટ્રસંઘ,ન્યૂર્યોકમાં ભારતીય રાજદૂત તરીકે સેવા આપી હતી.

૬ જુલાઈ ૧૯૦૫ - ગુજરાતી ભાષાના બાળસાહિત્યમાં બાળકોને પ્રિય એવા અનેક પાત્રોનું સર્જન કરનાર લોકપ્રિય બાળસાહિત્યકાર જીવરામ ભવાનીશંકર જોષીનો જન્મ અમરેલી જીલ્લાના ગરણીમાં થયો હતો.તેમની ' મિયા ફૂસકી' ભાગ- ૧ થી ૩૦' , છકો મકો', છેલછબો' અને ' અડુકિયો દડુકિયો વાર્તાઓ ખૂબ જ લોકપ્રિય બની છે.( અવસાન- ૨૭/૪/૨૦૦૪)

gnanbhandar.com

૬ જુલાઈ ૧૯૩૮  ગુજરાતી નવલકથાકાર રજનીકુમાર દેવરામ પંડ્યાનો જન્મ જેતપુરમાં થયો હતો. તેમને ' કોઈ પૂછે તો કહેજો' , ' પરભવના પિતરાઈ' અને ' અવતાર' નવલકથા લખી છે.

૬ જુલાઈ ૧૯૪૩ - ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ ગઝલકાર મનોજ વ્રજલાલ ખંડેરિયાનો જન્મ જુનાગઢમાં થયો હતો. તેમણે ' અચાનક' અને 'અટકળ' ગઝલસંગ્રહો આપ્યા છે.(અવસાન- ૨૭/૧૦/૨૦૦૩)

૭ જુલાઈ ૧૮૨૧ - ગુજરાતી ભાષાના પરદેશીપ્રેમી જસ્ટિસ એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બસનો જન્મ લંડનમાં થયો હતો. તેમણે ' ગુજરાત'ના સાંસ્કૃતિક ઐક્યની પ્રસ્થાપના કરવાનું ભગીરથ કાર્ય કર્યું. ૨૬ ડીસેમ્બર ૧૮૪૮ના રોજ ' ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'નિ સ્થાપના કરી. જે આજે ' વિદ્યાસભા' તરીકે ઓળખાય છે.તેમણે ' રાસમાળા' રચીને ગુજરાતની અમૂલ્ય સેવા બજાવી છે. (અવસાન- ૩૧/૮/૧૮૬૫)

૯ જુલાઈ ૧૯૩૦ - હિન્દી ફિલ્મના સુપ્રસિદ્ધ અભિનેતા સંજીવકુમારનો જન્મ સુરતમાં થયો હતો. તેમનું મૂળ નામ હરિહર જરીવાલા હતું. તેમણે ૧૫૦થી વધારે ફિલ્મમાં અભિનય કર્યો છે. ઈ.સ. ૧૯૬૦માં ' હમ હિન્દુસ્તાની ફિલ્મની કારકિર્દીની શરૂઆત થઇ. (અવસાન ૬/૧૧/૧૯૮૫)

૯ જુલાઈ ૧૯૪૪ - ગુજરાતના રેડીયોલોજીસ્ટ અને વિજ્ઞાનવિષયક લેખ લખનાર ડૉ. સુશ્રુત મોતીભાઈ પટેલનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમણે ' બ્લેકહોલ', 'ઇસરો', સુનામી' જેવા પુસ્તકો પ્રગટ કર્યા હતા.

૧૨ જુલાઈ ૧૯૧૮ - સુપ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતજ્ઞ શિવકુમાર શુક્લનો જન્મ સૌરાષ્ટ્રના ગોંડલમાં થયો હતો. ઈ.સ. ૧૯૩૬માં ' સંગીત રસરાજ'નો ખિતાબ એનાયત થયો હતો. (અવસાન- ૩૧/૧૨/૧૯૯૮)

૧૨ જુલાઈ ૧૯૩૪ - ગુજરાતી પ્રયોગશીલ નવલકથાકાર અને વિવેચક દિગીશ નાનુભાઈ મહેતાનો જન્મ પાટણમાં થયો હતો.' આપનો ઘડીક સંગ' વિનોદશૈલીમાં પ્રયોગસભર લઘુનવલકથા છે. (અવસાન- ૧૩/૬/૨૦૦૧)

gnanbhandar.com

૧૩ જુલાઈ ૧૮૮૫ - ગુજરાતમાં વ્યાયામપ્રવૃતિના પ્રણેતા છોટાલાલ બાલકૃષ્ણ પુરાનીનો જન્મ ખેડા જીલ્લાના ડાકોરમાં થયો હતો. (અવસાન- ૨૨/૧૨/૧૯૫૦)

૧૪ જુલાઈ ૧૯૨૩ - ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ હાસ્યકાર મધૂસુદન ત્રિકમભાઈ પારેખનો જન્મ અમદાવાદમાં થયો હતો.તેમણે ઈ.સ. ૧૯૬૦માં ‘ ગુજરાત સમાચાર’ દૈનિક પેપરમાં કટારલેખક હતા. ઈ.સ. ૧૯૬૧માં ‘ બુદ્ધિપ્રકાશ’ તંત્રીપદે પણ રહ્યા હતા. ‘ હું શાની અને શકરાભાઈ’ કોલમ ખૂબ  જ લોકપ્રિય હતી.

૧૪ જુલાઈ ૧૯૩૭ - ગુજરાતી રંગભૂમિ અને ચલચિત્રો સુપ્રસિદ્ધ અભિનેતા ઉપેન્દ્ર જેઠાલાલ ત્રિવેદીનો જન્મ ઇન્દોરમાં થયો હતો. એમનું વતન સાબરકાંઠાના કુકડીયા ગામ હતું. ઈ.સ. ૧૯૬૦માં ‘ કાદુ મકરાણી’ અને ‘ મહેંદી રંગ લાગ્યો’માં તેમણે પ્રથમ ભૂમિકાઓ ભજવી હતી. ઈ.સ. ૧૯૮૪માં તેઓ રાજકારણમાં પ્રવેશ કર્યો.

૧૭ જુલાઈ ૧૯૧૨ - ગુજરાતની પ્રાચીન રંગભૂમિના વિખ્યાત નટ અમૃત જટાશંકર જાનીનો જન્મ મોરબીના ટંકારામાં થયો હતો. તેમણે જીવનકાળ દરમ્યાન ૪૫૦થી વધુ નાટકોમાં વિવિધ ભૂમિકાઓ ભજવી છે.

૧૯ જુલાઈ ૧૯૧૧ - સંગીત જેમનો પ્રાણ છે તેવા મહાન સંગીતકાર અવિનાશ આનંદરાય વ્યાસનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમણે ૧૭૫ ગુજરાતી શીત ૨૫૦ થી વધારે હિન્દી ફિલ્મોમાં સંગીત નિર્દેશન આપ્યું છે. તેમનું મૂળ વતન વિસનગર હતું. (અવસાન ૨૦/૮/૧૯૮૪)

૧૯ જુલાઈ ૧૯૨૫ - ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના આગ્રહી , આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ ચિત્રકાર વાસુદેવભાઈ  સ્માર્તનો જન્મ સુરતમાં થયો હતો. તેમણે ‘ રૂપસંહિતા’ ક્લાગ્રંથ આપ્યો છે. (અવસાન- ૨૫/૮/૧૯૯૯)

૧૯ જુલાઈ ૧૯૪૨  ગુજરાતી વાર્તાકાર, નવલકથાકાર અને નાટ્યકાર મધુસુદન વલ્લભદાસ ઠાકરનો ઠાકોરનો જન્મ જામખંભાળિયામાં થયો હતો. ‘ મધુરાય’ તેમનું ઉપનામ હતું. તેમણે ‘ બાંશી નામની એક છોકરી ‘ રૂપકથા, કાલસર્પ નોંધપાત્ર વાર્તાસંગ્રહો છે. તેમણે ‘ આકંઠ સાબરમતી’ નાટ્ય સંસ્થાની સ્થાપના કરી હતી.

gnanbhandar.com

૨૧ જુલાઈ ૧૯૧૧ - ગુજરાતી સાહિત્યનો જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મ સાબરકાંઠા જીલ્લાના બામણા ગામમાં થયો હતો. તેમણે ' વિશ્વશાંતિ', નિશીથ', 'ગંગોત્રી' તેમના કાવ્યસંગ્રહો છે. તો ' શ્રાવણી મેળો' તેમનો વાર્તાસંગ્રહ છે. તેમણે ' વાસુકિ' ઉપનામથી સાહિત્યની રચના કરી હતી. ' સંસ્કૃત' સામયિકની શરૂઆત કરી હતી. તેમના ' નિશીથ' કાવ્યસંગ્રહને ગુજરાતી સાહિત્યનો જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયેલ છે. (અવસાન- ૧૯/૧૨/૧૯૮૮)

૨૨ જુલાઈ ૧૯૧૦ – ભારતીય દર્શનના આંતરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત વિદ્વાન દલસુખભાઈ ડાહ્યાભાઈ માલવણીયાનો જન્મ સૌરાષ્ટ્રના સાયલામાં થયો હતો. (અવસાન ૨૮/૨/૨૦૦૦)

૨૪ જુલાઈ ૧૯૨૮ - ગુજરાતમાં ઈન્ફર્મેશન ટેક્નોલોજીની કલ્પના કરનાર કેશુભાઈ પટેલનો જન્મ વિસાવદરમાં થયો હતો. તેઓ ઈ.સ.૧૯૯૫માં ગુજરાતના દસમા મુખ્યમંત્રી બન્યા હતા. તેઓ ' ગોકળિયું ગામ ' ના પ્રણેતા હતા.

૨૪ જુલાઈ ૧૯૪૫ - ભારતના ઉદ્યોગ વ્યાપાર અને આઈ.ટી.ક્ષેત્રમાં અગ્રણી અઝીઝ મોહમ્મદ હુસેન પ્રેમજી (અઝીઝ પ્રેમજી)નો જન્મ મુંબઈમાં થયો હતો. તેમનું મૂળ વતન કચ્છ હતું. તેમણે ' અઝીઝ પ્રેમજી ફાઉંડેશનની સ્થાપના કરી હતી.

૨૮ જુલાઈ ૧૯૦૫ - ગુજરાતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને ચુસ્ત વૈષ્ણવ સંપ્રદાયી કેશવરામ કાશીરામ શાસ્ત્રીનો જન્મ સૌરાષ્ટ્રના માંગરોળમાં થયો હતો. ' ગુજરાતી વ્યાકરણશાસ્ત્ર', ' ગુજરાતી માન્ય ભાષાનું લઘુ વ્યાકરણ', ' ભાષાશાસ્ત્ર અને ગુજરાતી ભાષા' તેમના મૂલ્યવાન ગ્રંથો છે.(અવસાન- ૧૦/૯/૨૦૦૬)

૩૧ જુલાઈ ૧૯૪૧ - ગુજરાત રાજ્યના એકમાત્ર આદિવાસી મુખ્યમંત્રી અમરસિંહ ભીખાભાઈ ચૌધરીનો જન્મ તાપી જીલ્લાના વ્યારા તાલુકાના ડોલવણ ગામમાં થયો હતો. ઈ.સ. ૧૯૮૫માં ગુજરાત રાજ્યના આઠમા મુખ્યમંત્રી બન્યા હતા. (અવસાન- ૧૫/૮/૨૦૦૪)

૩૧ જુલાઈ ૧૯૫૪ - ગુજરાતી અને ઉર્દૂ બંને ભાષાઓમાં ગઝલોની રચના કરનાર હર્ષ બ્રહ્મભટ્ટનો જન્મ મહેસાણા માં થયો હતો. એમણે ' એકલતાની ભીડમાં' અને અંદર દીવાદાંડી' નામના કાવ્યસંગ્રહો આપ્યા છે. ' કંદીલ' તેમનો ઉર્દૂ શાયરીઓનો સંગ્રહ છે.

gnanbhandar.com

gnanbhandar.com